## પ્રવચન નં. ૩ શ્લોક-૨ તા. ૯-૬-૭૮ શુક્રવાર જેઠ સુદ ૪ સં. ૨૫૦૪

સમયસાર, બીજો કળશ એનો અર્થ છે. ભાવાર્થઃ– બીજા કળશનો ભાવાર્થ છે ને ? પહેલી દેવની સ્તુતિ કરી. દેવમાં ઇષ્ટદેવ પોતે આત્મા એની પણ કરી અને ઇષ્ટદેવ પરમાત્મા એની પણ એમાં આવી ગઈ. હવે બીજી શાસ્ત્રની; દેવ, શાસ્ત્ર, ગુરુ તીન, શાસ્ત્રની વિનય ભક્તિ કરે છે. પ્રકાશરૂપ રહો, એમ કહેશે.

“ અહીં સરસ્વતીની મૂર્તિને આશીર્વચન. ” આશીર્વાદ ( રૂપ ) વચન એટલે આશીર્વાદ – આશીર્વાદ નમસ્કાર કર્યો છે. આશીર્વાદરૂપ નમસ્કાર કર્યો છે. “ લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી, તેથી અહીં તેનું યથાર્થ સ્વરૂપ વર્ણન કર્યું છે. ”

“ જે સમ્યગ્જ્ઞાન છે, તે જ સરસ્વતીની સત્યાર્થ મૂર્તિ છે ” સાચી મૂર્તિ તો સમ્યગ્જ્ઞાન છે, ‘ તેમાં પણ સમ્યગ્જ્ઞાનમાં પણ ’ સંપૂર્ણજ્ઞાન તો કેવળજ્ઞાન છે, કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે. “ તે અનંતધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે. ” કેવળજ્ઞાનની મૂર્તિ, કેવળજ્ઞાન સ્વરૂપ અનંત ધર્મો સહિત આત્મતત્ત્વ, પોતાના તત્ત્વને દેખે છે. પ્રત્યક્ષ દેખે છે કેવળજ્ઞાનમાં તેથી “ તે સરસ્વતીની મૂર્તિ છે, ” તેથી તેને સરસ્વતીની મૂર્તિ કહેવામાં આવે છે.

" તદ્‌નુસાર કેવળજ્ઞાનને અનુસારે જે શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને પરોક્ષ દેખાડે છે. " પણ અહીંયા એ ખૂબી છે, ઓલા કહે છે ને કે કેવળજ્ઞાનની અપેક્ષાએ તો ક્રમબદ્ધ બરાબર છે. રતનચંદજીને ઈ કહે છે, કેવળજ્ઞાનની અપેક્ષાએ ક્રમબદ્ધ બરાબર છે. પણ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ નહીં. શ્રુતજ્ઞાન તો ક્રમ ને અક્રમ બેયને જાણે છે.

આંહી તેથી આ અનુસરીને શબ્દ પડયો છે. એની ચર્ચા મોટી આવી છે. ( પં. ) ફુલચંદજીએ ચર્ચા કરી છે. એમ કે કેવળજ્ઞાનના હિસાબે જોઈએ તો તો વ્યવસ્થિત છે–દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ છે. જે સમયે જ્યાં હોય ત્યાં થાય. પણ શ્રુતજ્ઞાનને હિસાબે એમ નહિં, કારણકે શ્રુતજ્ઞાન પરોક્ષ છે, માટે એને તો ક્રમ ને અક્રમ બેય હોય એમ કહે છે એ લોકો. તો કેવળજ્ઞાન અનુસાર ન થયું. એ તો કલ્પનાને અનુસારે થયું. સમજાય છે ? રતનચંદજી એમ કહે છે, બધાય એ લોકો પંડિત સામે, કેવળજ્ઞાનને હિસાબે ક્રમબદ્ધ બરાબર છે. વાંધો આખો ક્રમબદ્ધનો હતો પહેલેથી, તે ઠેઠ તેરની સાલથી વર્ણીજીની હારે. ક્રમબદ્ધ નહીં, એક પછી એક આવે પણ આ પછી આ જ હોય ને આ જ હોય એમ નહીં. અહીં તો કેવળજ્ઞાનને હિસાબે તો એક પછી એક જે થવાની હોય તે જ થાય તે ક્રમબદ્ધ છે. પણ શ્રુતજ્ઞાનમાં એ લોકો ( એ ) ખાણીયા ચર્ચામાં ફેર પાડયો છે. એમ કે શ્રુતજ્ઞાન કેવળજ્ઞાન અનુસારે નહીં, એને તો છદ્મસ્થ છે માટે એને ક્રમસર પણ હોય અને અક્રમે પણ હોય. નાખ્યું છે ને ?

તો અહીં તો કહે છે; તદ્‌અનુસાર છે ને ? તદ્‌અનુસાર જે શ્રુતજ્ઞાન, એનું નામ શ્રુતજ્ઞાન કહેવાય. કેવળજ્ઞાનને અનુસારે કહે, જાણે તે શ્રુતજ્ઞાન કહેવાય. કેવળજ્ઞાનને અનુસારે નહીં અને પોતાની કલ્પનાથી જાણવાનું કરે તે શ્રુતજ્ઞાન ન કહેવાય, એ તો કુજ્ઞાન કહેવાય. મોટો ફેર ! મોટો ફેરફાર છે. પહેલામાં જ મોટો ફેર છે, મોટો ફેર ! વસ્તુ છે એ વ્યવસ્થિત છે પણ એનો હેતુ વ્યવસ્થિત છે. જે સમયે થવાની તે પર્યાય થાય આડી અવળી નહીં એનો હેતુ, ' અકર્તાપણું ' છે. પર્યાયનું કર્તાપણું નહીં, પર્યાય થાય છે એને કરું શું ? અને અકર્તાપણાનો હેતુ જ્ઞાતાપણું છે. અકર્તા નાસ્તિથી છે, જ્ઞાતા અસ્તિથી છે. જાણનાર દેખનાર છે બસ !! જે સમયે જે જ્યાં થાય, પોતાની પર્યાય પણ જે સમયે થાય, તેને તે જાણનાર દેખનાર છે, ફેરવનાર કે રચનાર– નવું રચે છે એમ નહીં, નવું રચાય છે જ ત્યાં, એને રચવું પડતું નથી. આહાહા ! ઝીણું બહુ ! મોટી ચર્ચા હાલી પંડિતોની વચ્ચે... ( શ્રોતાઃ ભગવાને કહ્યું છે કે નિયત ને અનિયત છે )

કીધું નહીં ? ક્રમ ને અક્રમ છે એમ કીધું, એણે શ્રુતને હિસાબે નિયત અનિયત, ક્રમ ને અક્રમ છે. કેવળજ્ઞાનની અપેક્ષાએ નિયત છે. એનો અર્થ શું ? શ્રુતજ્ઞાની કેવળજ્ઞાનને અનુસારે માને છે કે પોતાને અનુસારે માને છે ? મોટો ફેર, મોટો વાંધો ત્યાં હતો ને ?

અહીંયાં એ કહે છે. કેવળજ્ઞાનીએ અનંત ધર્મવાળો આત્મા, જે રીતે છે તે રીતે જોયો, જાણ્યો એટલે કે કેવળજ્ઞાન પણ સરસ્વતીની મૂર્તિ છે. ત્રણ લેશે ત્રણ, કેવળજ્ઞાન, શ્રુતજ્ઞાન અને વાણી, સરસ્વતીની મૂર્તિના ત્રણ પ્રકાર.. એક તો આ લીધું. ' તદ્ અનુસાર ' કેવળજ્ઞાનને અનુસારે વજન આંહી છે, ( ગ્રંથમાં ) ચિહ્નનેય કર્યું છે ત્યાં. જે શ્રુતજ્ઞાન છે, તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે. કેવળજ્ઞાન આત્મતત્ત્વને અનંત ધર્મ સહિત, ક્રમસર થતા દેખે છે, એમ શ્રુતજ્ઞાન પણ કેવળજ્ઞાનને અનુસારે અનંત ધર્મ સહિત તત્ત્વને ક્રમસર થતી પર્યાયને શ્રુતજ્ઞાન જાણે છે, આવું છે.

પરોક્ષ દેખે છે. પહેલું આપણે આવ્યું 'તું કથંચિત્ પ્રત્યક્ષ અને કથંચિત્ પરોક્ષ ! શ્રુતજ્ઞાન. ( કળશ ) પહેલામાં આવ્યું 'તું, નમઃ સમયસારાયમાં કેમકે શ્રુતજ્ઞાન પોતાને જાણે છે ભાવશ્રુતજ્ઞાન, એમાં પરની અપેક્ષા રાગની નથી એ અપેક્ષાએ પ્રત્યક્ષ છે, અને એ પૂરણ જોઈ શકતા નથી, અસંખ્ય પ્રદેશ અને અનંત ગુણ આમ પૂરણ એ અપેક્ષાએ આમ કેવળજ્ઞાનની અપેક્ષાએ એને પરોક્ષ છે. કથંચિત્ પરોક્ષ અને કથંચિત્ પ્રત્યક્ષ આ રીતે છે. કેવળજ્ઞાન સર્વ પ્રત્યક્ષ જ છે, ત્યાં કથંચિત્ પ્રત્યક્ષ અને કથંચિત્ પરોક્ષ ત્યાં નથી. આહાહા ! આવી વાતું યાદ રહે ? આવું છે, સ્વરૂપ જ એવું છે.

સર્વજ્ઞ ભગવાન, જે છ દ્રવ્ય છે તેની જે સમયે જે પર્યાય નિયમથી થાય તેને તે, તે રીતે દેખે છે. શ્રુતજ્ઞાની, વળી નિયમથી દેખે અને અનિયમથી દેખે, નિયત પણ દેખે અને અનિયત પણ દેખે, તો કેવળજ્ઞાન અનુસાર શ્રુતજ્ઞાન રહ્યું નહીં, તે શ્રુતજ્ઞાન જ નહીં. આહાહા ! થોડો ફેર હોય પણ અંદર ફેર ઘણો લાભ થઈ જાય છે, કેમકે આત્મા પોતે સર્વજ્ઞસ્વરૂપી જ છે. સર્વને જાણનાર સ્વરૂપી જ છે. ખરેખર તો એ પોતાની પર્યાયને રચું એવું ય ક્યાં છે ત્યાં ? થાય છે તેને જાણે છે. આહાહા ! એમ અનંત દ્રવ્યોની પર્યાયને થાય છે, તેને જાણે છે પરને, એમ પણ કહેવાય વ્યવહારથી, નિશ્ચયથી તો પોતાની પર્યાયને જાણે છે. આહાહા ! આવી વાત છે.

'આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે, તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે.' કેવળજ્ઞાન એક સમયમાં પૂરણ પ્રત્યક્ષ દેખે માટે તે સરસ્વતીની મૂર્તિ કહેવાય, તદ્અનુસાર શ્રુતજ્ઞાની પણ પરોક્ષ દેખે તેથી તેને પણ સરસ્વતીની મૂર્તિ કહેવાય. ઓલા અન્યમતિઓ, મૂર્તિ કહે છે એ નહીં. મોર ઉપર સરસ્વતી બેઠી છે ને સરસ્વતી વીણા વગાડે છે ને એ તો બધી કલ્પનાઓ છે, આ તો સમ્યગ્જ્ઞાનરૂપી સરસ્વતી ! જે પૂર્ણ સ્વરૂપને દેખે પ્રત્યક્ષ અને શ્રુતજ્ઞાનરૂપી પરોક્ષ બધું દેખે, પરોક્ષ પણ દેખે બધું, એટલે એને પણ અહીંયા સરસ્વતીની મૂર્તિ શ્રુતજ્ઞાન અરૂપી ભાવને પરોક્ષ સરસ્વતી કહી, કેવળજ્ઞાનને પ્રત્યક્ષ સરસ્વતી મૂર્તિ કહી.

વળી, ત્રીજું:- "દ્રવ્યશ્રુત વાણી, વાણીને પણ સરસ્વતી કહેવામાં આવે છે." દ્રવ્યશ્રુત એટલે વાણી છે એ વચનરૂપ છે તે પણ તેની મૂર્તિ છે. વાણી, વીતરાગની વાણી છે, એ પણ જ્ઞાનીની વાણી છે એ પણ એક મૂર્તિ છે "કારણ કે વચનો દ્વારા અનેક ધર્મોવાળા" ઓલા અનેક ધર્મને પ્રત્યક્ષ સર્વજ્ઞ દેખતા, શ્રુતજ્ઞાની અનેક ધર્મને પરોક્ષ દેખતા, "દ્રવ્યશ્રુતમાં વાણી દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે" આટલો ફેર. ઓલો તો દેખે છે આ વાણી દેખે નહીં, વાણી બતાવે છે. વીતરાગની વાણી દ્રવ્યશ્રુત જે છે એ વચનરૂપ છે. તે પણ તેની મૂર્તિ છે, કારણ કે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને બતાવે છે, દેખે છે એ અહીં ન લેવું. વાણી દ્વારા દેખે છે એ નહીં, બતાવે છે. પછી દેખનારો દેખે છે વાણીનું નિમિત્ત છે ને એ જુદી વાત છે.

"આ રીતે સર્વ પદાર્થોના તત્ત્વને જણાવનારી," સર્વ પદાર્થોના તત્ત્વને જણાવનારી, પહેલું આત્માને કહ્યું 'તું, કહ્યું 'તું ને ? પહેલું કહ્યું સર્વ પદાર્થ "પ્રત્યક્ષ ભાસે છે" અનંત ધર્મ સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે કેવળજ્ઞાનમાં એમ આવ્યું 'તું. સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે તે અનંત ધર્મોવાળા સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે, એમ. અને અહીંયા સર્વ પદાર્થના તત્ત્વને જણાવનારી. "જ્ઞાનરૂપ," કેવળ અને શ્રુત અને વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે," અનેકાંતમય, અનેક સ્વરૂપ છે અનંત ધર્મ છે ને ! માટે અનેકાંત કીધું, અનેકાંત, અનેક

અંત– અનેક ધર્મ. આત્મામાં અનંત ધર્મ છે અને પ્રત્યેક પદાર્થમાં અનંત ધર્મ છે. તે અનંત ધર્મને જાણનારી અને કહેનારી એને અહીંયા સરસ્વતીની મૂર્તિ કહેવામાં આવે છે. આહા !

"તેથી સરસ્વતીના નામ વાણી, ભારતી, શારદા, વાગ્દેવી આવે છે ને ! ઇત્યાદિ ઘણાં કહેવામાં આવે છે." આ સરસ્વતીની મૂર્તિ અનંત ધર્મોને 'સ્યાત્' પદથી એક ધર્મીમાં, અપેક્ષાએ એક વસ્તુમાં, અવિરોધપણે સાધે છે, નિત્ય છે તેને અનિત્ય સાધે છે, અનિત્ય છે તેને નિત્ય સાધે છે, કાયમ રહે માટે નિત્ય છે, પલટે માટે અનિત્ય છે, એમ અનેક ધર્મોને તે સરસ્વતી સાધે છે. આહાહા ! તેથી તે સત્યાર્થ છે, તેથી કેવળજ્ઞાન, શ્રુતજ્ઞાન અને વાણી ત્રણેય સત્યાર્થ છે. કેમકે તે અનંત ધર્મોના ધરનાર દ્રવ્યને અનંત ધર્મરૂપે છે તેમ અનેકાંત, અનેક ધર્મરૂપે બતાવે છે, જાણે છે અને બતાવે છે, માટે તે સરસ્વતી સત્યાર્થ છે.

"કેટલાંક અન્યવાદીઓ સરસ્વતીની મૂર્તિને બીજી રીતે સ્થાપે છે, પણ તે પદાર્થને સત્યાર્થ કહેનારી નથી. "વસ્તુ જેણે જાણી નથી. જેનો સર્વજ્ઞ સ્વભાવ, આત્માનો સર્વજ્ઞ સ્વભાવ જ છે બસ ! સર્વને જાણવું, અભવી હો કે ભવી બધાનો સ્વભાવ, સર્વજ્ઞ શક્તિ અને સર્વજ્ઞ સ્વરૂપ જ આત્મા છે. જાણવું એટલું એનું સ્વરૂપ છે. કોઈનું કરવું કે કોઈથી પોતામાં કરવું, એવું એનું સ્વરૂપ છે જ નહીં. જાણવું– સર્વ જાણવું. આહાહા ! બીજી રીતે કહે તે સત્યાર્થ નથી.

"કોઈ પ્રશ્ન કરે કે આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે તો તેમાં અનંત ધર્મો ક્યા ક્યા છે ?" અનંત ધર્મ કહ્યા–ધર્મ શબ્દે આત્માએ ધારી રાખેલા ગુણ અને પર્યાય એને ધર્મ કહેવામાં આવે છે. અહીં 'સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રનો ધર્મ એ નહીં, આત્માએ અને પદાર્થે પોતે પોતાનાં ગુણ અને પર્યાયને ધારી રાખ્યા માટે તેને ધર્મ કહેવાય છે. ધર્મીએ અનંત ધર્મને ધારી રાખ્યા છે. એટલે કે અનંત ગુણ અને અનંત પર્યાયને ધારી રાખ્યા છે. આહાહા !

તેનો ઉત્તરઃ– ક્યા ક્યા ધર્મો ? વસ્તુમાં સત્‌પણું–દરેક વસ્તુ છે એ પોતાપણે છે. સત્ છે. અસ્તિપણે મોજૂદ ચીજ છે, વસ્તુપણું છે એમાં પોતાનું પ્રયોજન સિદ્ધ કરે એવું વસ્તુપણું છે. પોતાની પર્યાયને સિદ્ધ કરે પોતે, એવું દરેક વસ્તુનું વસ્તુપણું છે, 'પ્રમેયપણું' (છે). દરેક પદાર્થ જ્ઞાનના જ્ઞેયરૂપે થાય, પ્રમાણમાં પ્રમેયરૂપે થાય એવો એનો સ્વભાવ છે. પ્રમાણ જ્ઞાનમાં પ્રમેયરૂપે, જ્ઞેયરૂપે થાય એવો એનો સ્વભાવ છે. આવા બધા શબ્દો અજાણ્યા ને 'પ્રદેશપણું' દરેક પદાર્થમાં પ્રદેશ છે, અંશ, અંશ છે. ભલે પરમાણુ છે પણ એમાં એક અંશ છે ને એ ?

જીવમાં અસંખ્ય પ્રદેશ છે, આકાશમાં અનંત પ્રદેશ છે, ધર્માસ્તિ, અધર્માસ્તિમાં અસંખ્ય (પ્રદેશ) છે, પણ પ્રદેશપણું એ એનો ધર્મ, ધારી રાખેલો છે પ્રદેશપણું એવું ધારી રાખેલું તત્ત્વ છે, એવું અન્યમતમાં ક્યાંય નથી. અસંખ્ય પ્રદેશી અને અનંત પ્રદેશી, જીવ અસંખ્ય પ્રદેશી (છે) એવું ક્યાંય નથી. આ અસંખ્ય પ્રદેશી ધારી રાખ્યો છે આત્માએ એવો એક એનો ધર્મ છે. 'ચેતનપણું' જીવમાં ચેતનપણું એ એનો સ્વભાવ છે. અજીવમાં અચેતનપણું એ એનો સ્વભાવ છે. 'મૂર્તિકપણું' જડમાં મૂર્તિકપણું એ એનો સ્વભાવ છે. 'અમૂર્તિકપણું' આત્મા અને ધર્માસ્તિ આદિમાં અમૂર્તિકપણું એ તો એના ગુણ છે. આહાહા ! છે ?

"અને તે ગુણોનું, તે અનંત ગુણોનું, ત્રણેય કાળે સમય–સમયવર્તી પરિણમન થવું, આહાહા ! તે પર્યાય છે" એ પણ એનો ધર્મ છે. દરેક દ્રવ્યનો અનંત ગુણ પણ એનો ધર્મ એટલે

ધારી રાખેલો છે અને દરેક દ્રવ્ય ત્રણે કાળે સમય સમયમાં પરિણમન કરે તેથી તેનો પર્યાય પણ તેનો ધર્મ છે, એ પર્યાય પરને લઈને થાય છે એમ નથી. ચાહે તો વિકારી હોય કે અવિકારી પણ એનો પરિણમનનો પર્યાય એનો પોતાનો ધર્મ છે. સમજાણું કાંઈ ? પછી કર્મને લઈને વિકાર થાય ને આત્માને લઈને કર્મ બંધાય ને એ વાત રહેતી નથી. સર્વજ્ઞને લઈને શું થાય ? પોત પોતાના આત્માને લઈને પોતાનું જ્ઞાન થાય છે.

અહીં વાણીને નિમિત્ત કહેશે, નિમિત્ત કહેશે પણ નિમિત્તનો અર્થઃ એ કાંઈ એનાથી થાય છે એમ નથી. વાણી નિમિત્ત છે તેથી તેને સદા પ્રકાશરૂપ રહો એવું આશીર્વચન, આશીર્વચન એટલે આશીર્વાદ કહેવામાં આવ્યો છે. આહાહાહા ! છેલ્લો બોલ લઈ લેશે. સદા પ્રકાશરૂપ રહો. છેલ્લો બોલ લેશે. મૂળ તો આ કહીને એ કહેવુ છે ને ! કેવળજ્ઞાન પણ સદા પ્રકાશરૂપ રહો ! શ્રુતજ્ઞાન પણ સદા પ્રકાશરૂપ રહો અને વાણી પણ વસ્તુને બતાવવામાં સદા પ્રકાશરૂપ રહો ! આહાહા ! એ આશીર્વચન છે. છે ?

" જે અનંત પર્યાય છે, " વળી વસ્તુમાં એકપણું દરેક ચીજ વસ્તુ તરીકે એક છે અને ગુણ પર્યાય તરીકે અનેક છે. એ પણ એનાં ધર્મ છે. ધારી રાખેલો ( એટલે ) એક અને અનેક ધારી રાખેલો ભાવ છે. ભાવ કહો કે ધર્મ કહો. સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્ર એ ધર્મ એ અત્યારે વાત નથી. અહીં તો ધારી રાખે એ ધર્મ બસ ! આવી વાતું છે.

" એકપણું, અનેકપણું, નિત્યપણું, અનિત્યપણું, " દરેક વસ્તુ કાયમ રહેવાની અપેક્ષાએ નિત્ય છે અને પલટવાની અપેક્ષાએ અનિત્ય છે, એ પણ એનો સ્વભાવ અને ધર્મ છે, એ પલટવું ને કાયમ રહેવું એ પરને લઈને નથી, એનો પોતાનો ધર્મ છે. આહાહાહા ! અહીંયા તો એનો પોતાનો તે તે સમયે અનંત ગુણ અને તે તે ગુણની પર્યાય પછી વિકૃત કે અવિકૃત ગમે તે, તે સમયે થાય તે તેનો ધારેલો ધર્મ એનો છે. પરને લઈને નહીં. એનું પોતાનું સ્વરૂપ જ એવું છે. આહાહાહા !

( એ લોકો ) એકાંત છે, એમ કહે છે. કર્મથી વિકાર થાય, કર્મને લઈને રખડે છે. આપણને કેમ કેવળજ્ઞાન નથી થતું ? કે કર્મને લઈને. આ તો દ્રવ્યકર્મને લઈને, અહીં તો કહે છે. ઓલી જ્ઞાનમતી છે ને એક, ચાર અનુયોગનું એક પુસ્તક છાપે છે ને ? સમ્યગ્જ્ઞાન–એમાં એમ લખે છે, કેમ ( આપણને કેવળજ્ઞાન ) નથી થતું ? કર્મને લઈને આપણને કેવળજ્ઞાન થતું નથી. તદ્દન ખોટી વાત છે. પોતાની પર્યાય તે તે કાળે તે સમયે પોતાની યોગ્યતાથી ધારેલી થાય છે, પરને લઈને નહીં અને પરનો અભાવ થાય તો અહીં થાય એ પણ નહીં. આહાહા ! એવો જ દરેક પદાર્થનો અનંત ગુણ અને અનંતી પર્યાયને રાખે– ધારે– કરે એવો એનો સ્વભાવ છે. આહાહા ! છે ?

' ભેદપણું ' દરેક વસ્તુમાં ગુણપર્યાય તે ભેદ છે, અને વસ્તુ તરીકે અભેદ છે, એ પણ એનો ધર્મ છે. " ભેદપણું અભેદપણું " " શુદ્ધપણું અશુદ્ધપણું " આત્મા ( દ્રવ્યે ) શુદ્ધ હોય છે અને પર્યાયે અશુદ્ધ પરમાણુઓમાં પણ એમ હોય છે. પરમાણુ એકલો હોય તો શુદ્ધ છે અને વિભાવરૂપે બે– ત્રણ ચાર ( પરમાણુ ભેગાં ) થાય તો એની પર્યાય વિભાવરૂપે પોતાથી થાય છે એ પણ અશુદ્ધ થાય છે, પોતાથી છે. એવો અશુદ્ધપણાનો એનો પોતાનો ધર્મ છે. શુદ્ધ અશુદ્ધ આદિ અનેક ધર્મો છે " તે સામાન્યરૂપ ધર્મો તો વચનગોચર છે " કેટલાક ખાસ કહેવા લાયક જેવા તો વચન ગમ્ય

છે–પણ કેટલાંક તો કહી શકાય નહીં એવાય ગુણો છે. દરેક દ્રવ્યમાં અનંત સામાન્ય ગુણો છે, અસ્તિત્વ આદિ અને અનંત વિશેષ ગુણો છે, ચેતન અચેતન આદિ એવા અનંતાધર્મો છે એક દ્રવ્યમાં, અનંત સામાન્ય છે, અને અનંત વિશેષ છે.

" અહીં સામાન્યરૂપધર્મો તો વચનગમ્ય છે પણ બીજા વિશેષરૂપ ધર્મો તો વચનનો વિષય નથી એવા પણ અનંત ધર્મો છે. " વચનથી ન કહી શકાય ! વાણી જડ છે, પ્રભુ ચૈતન્ય છે. ધર્માસ્તિ આદિ એ પણ બધા અરૂપી છે, પરમાણુ આદિ રૂપી છે. એવા પણ અનંત ધર્મો છે " જે જ્ઞાનગમ્ય છે. " જ્ઞાન જાણી શકે છે, પણ વાણી દ્વારા એની વિશેષતાઓ ભેદ પાડીને પૃથક પૃથક કહી શકે એવી તાકાત વાણીમાં નથી. સામાન્ય કહી શકે, વિશેષના પ્રકારો કહી શકે નહીં, છતાં જ્ઞાન ગમ્ય છે. વાણી દ્વારા વિશેષ કહેવાય નહીં, છતાં જ્ઞાનગમ્ય જ્ઞાનમાં જણાય એવા છે. આહાહા !

" આત્મા પણ વસ્તુ છે તેથી તેમાં પણ પોતાના અનંત ધર્મો છે " કેટલાંક સામાન્ય કહી શકાય છે, કેટલાંક કહી શકાતા નથી, છતાં જ્ઞાનગમ્ય વસ્તુ છે એવા અનંત ધર્મો આત્મામાં પણ છે. વસ્તુ એક, ધર્મ અનંત, અનંત ગુણ અને અનંતી પર્યાય. આહાહા ! ' એક ' પણ ધર્મ છે, ' અનેક ' પણ ધર્મ છે. ' નિત્ય ' પણ છે, ' અનિત્ય ' પણ છે, ' ભેદ ' પણ છે ' અભેદ ' પણ છે. ' સામાન્ય ' પણ છે. ' વિશેષ ' પણ છે. આહાહા ! બહુ ટૂંકામાં સંકેલ્યું છે. " આત્માના અનંત ધર્મોમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે, " બીજાં અનંતા ગુણો છે ધર્મ. પણ ચેતનપણું અસાધારણ છે, એટલે કે બીજાં ગુણો ચેતનપણે નથી. પોતામાં પણ અનંત ગુણો છે. પણ ચેતન ( માં ) તો જાણવું દેખવું એ જ બે ધર્મ છે એવાં બીજાં અનંતા ગુણોમાં એ નથી તેથી ચેતનપણું એ અસાધારણ નામ બીજામાં નથી, બીજો એવો નથી. બીજામાં નથી, બીજો એવો નથી. માટે ચેતનને, છે ને ? અસાધારણ ધર્મ ( કહ્યો ) છે.

આત્માની અંદરમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે, અસાધારણ એટલે કે એક જ એ વસ્તુ છે, એમાં અનંત ધર્મ છે એ માંયલો બીજો કોઈ આ ચેતન નથી. તેમ એ ચેતન બીજા ચેતનમાં છે એ ચેતન આ ચેતન નથી. એનું ચેતન એનામાં અને આનું ચેતન આનામાં છે. આહાહા !

આવી સ્વતંત્રતા છે ! દરેક દ્રવ્યેય સ્વતંત્ર, ગુણેય સ્વતંત્ર, પર્યાય તે તે ક્ષણે થતી પર્યાય એ પણ એનો પોતાનો ધર્મ છે માટે સ્વતંત્ર છે, એને પરની કોઈ અપેક્ષા નથી. આહાહાહા ! આ પાનું ઊંચું થવું આમ એને આ આંગળીની અપેક્ષા નથી. એનો પર્યાય ધર્મ જ તે વખતે તે પ્રકારે થવાનો છે. આહાહા ! પર્યાય સ્વતંત્ર છે ' પરેણ જાય તે પર્યાય ' એક જણે વળી એવું નાખ્યું 'તું ' તત્ત્વ ' માં આવ્યું 'તું–પરેણ જાય તે પર્યાય, ઓલા બંસીધરજીએ ઘણું કરીને નાખ્યુ 'તું, પરેણ જાય તે એ પર્યાય નહીં. પર્યાય, પોતાનો તે સમયની અવસ્થા ઉત્પન્ન થવાની યોગ્યતા છે, પોતાને કારણે ચાહે તો વિકારરૂપ હો કે ચાહે તો અવિકારરૂપ હો. પણ તે તે સમયની થવાની તે પર્યાયની યોગ્યતાનો ધર્મ પોતાનો પોતાથી પોતામાં છે. ખરેખર તો છ એ દ્રવ્યની પર્યાય ષટ્કારકરૂપે પરિણમે તેને પરની અપેક્ષા તો નથી પણ તેને પોતાના દ્રવ્ય ગુણની અપેક્ષા નથી. આહાહા ! સમજાણું કાંઈ ? સમજાય છે કાંઈ ?

છ એ દ્રવ્ય, ભગવાને છ દ્રવ્ય ( જોયાં છે ) સંખ્યાએ અનંત, જાતિએ છ, પણ અનંત દ્રવ્યો

પોત પોતાની પર્યાયના ષટ્કારકપણે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એનાથી તે પર્યાય સ્વયં સિદ્ધ પરની અપેક્ષા વિના અને દ્રવ્ય ને ગુણના આશ્રય અને આધાર વિના, ષટ્કારકરૂપે પરિણમવું એવો એનો પર્યાયનો ધર્મ છે. ( જિજ્ઞાસાઃ આધાર છે કે નહીં મહારાજ ) આધાર એ પર્યાયનો આધાર પર્યાય, ગુણનો આધાર નથી એવું છે. આહાહા ! એવું છે એ ( પંચાસ્તિકાય ) બાસઠ ગાથામાં આવ્યું છે ને ? ત્યાં ચર્ચા થઈ 'તીને વર્ણીજીની હારે બાસઠ ગાથા, વિકાર છે એ ષટ્કારકનું પરિણમન સ્વતઃ છે જેને પર કારકની અપેક્ષા નથી. વિકારને પોતામાં થવામાં ષટ્કારકોઃ કર્તા કર્મ, પર્યાય કર્તા, પર્યાય કાર્ય, પર્યાય સાધન કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન, પર્યાય અધિકરણ, એને પર સાધનની તો અપેક્ષા નથી પણ દ્રવ્ય ગુણની અપેક્ષા નથી, આકરું પડયું 'તું એમ કહ્યું ત્યારે, એક ( પં. ) ફુલચંદજીએ કબૂલ કર્યું હતું, ( પં. ) ફૂલચંદજી કહે કે સ્વામીજી આમ કહે છે. નિશ્ચયથી વિકારના ષટ્કારકો પર્યાયના પર્યાયમાં પોતાના કારણે થાય છે, પરના કારકની તેને અપેક્ષા નથી. પરના કારણો કર્તા કર્મની તેને અપેક્ષા નથી-આહાહા ! આ તો તેરની સાલની તકરાર-એકવીસ વર્ષ થયા.

બાકી અહીં ત્રીજી સાલમાંય ચર્ચા થઈ હતી, પંડિતો બધા ભેગા થયા 'તાને બત્રીસ-તેત્રીસ. વિદ્વત પરિષદ ભરી 'તીને ત્રીજી સાલ એને એકત્રીસ વર્ષ થયા. એ વખતે એક પંડિત હતો મહેન્દ્ર. મહેન્દ્ર ને ? ગુજરી ગયો, કોણ ? નામ ? મહેન્દ્ર. મહેન્દ્ર પંડિત હતો એ સર્વજ્ઞપણું નહોતા માનતા એમ કે પર્યાય થાય, એ પરની અપેક્ષા હોય તો થાય. કીધું અહીં તો પરની અપેક્ષા તો નહીં પણ પોતાના દ્રવ્ય-ગુણની અપેક્ષા નહીં. પંડિતજી આવું છે. એ નહોતા માનતા. એ લલીતપુરમાં બહુ ચર્ચા થઈ હતી, લલીતપુરમાં એણે સાંભળેલું નહીં અને બહારની વાતો સાંભળી. ને એમાં જરી...

આવું પરમ સત્ય પરમાત્મા, ત્રિલોકનાથ તીર્થંકરનું કહેલું, સર્વજ્ઞથી જાણેલું, જોયેલું, પ્રત્યક્ષ થયેલું અને વાણી વાણીને કારણે પ્રત્યક્ષ નીકળી. વાણીને કારણે નીકળી કાંઈ ભગવાન સર્વજ્ઞ છે માટે વાણી નીકળી એમેય નહીં-આહાહા ! કારણ કે વાણીના શબ્દો છે પરમાણું એની વાણીરૂપે પર્યાય, ષટ્કારકરૂપે પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ સાધન, ભાષાની પર્યાય, પર્યાયથી થાય છે ! આવી વાત. હોઠથી નહીં, આત્માથી નહીં, ઈચ્છાથી નહીં, એ ભાષાની પર્યાય ભાષાના પરમાણુથી યે નહીં, આમ છે. પર્યાયના ષટ્કારક સત્ છે ને ! દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્, સત્ છે તેને હેતુની જરૂર ન હોય. સ્વયંસિદ્ધ સત્ પોતાની અપેક્ષાથી સત્ છે. પરને લઈને પર્યાય છે નહીં, બહું આકરું પડયું. એકાંત લાગે ને આમ લાગે-આહાહા !

" આત્મામાં અનંત ધર્મોમાં ચેતનપણું ખાસ ધર્મ છે. એક અસાધારણ- ખાસ એક જ એ ધર્મ એનો છે. " ચારિત્ર, શ્રદ્ધા, અસ્તિત્વ, વસ્તુત્વ, સમકિત આદિ બધી પર્યાયો છે ગુણો છે પણ એ ગુણો પોતાને જાણતા નથી. જ્ઞાન ગુણ જ પોતે પોતાને જાણે છે ને પરને જાણે છે. આહાહાહા ! આવું વસ્તુનું સ્વરૂપ છે લ્યો ! આત્માના અનંત ધર્મોમાં, અનંત ગુણ ને પર્યાયમાં ચેતનપણું ખાસ ધર્મ છે " બીજા અચેતન દ્રવ્યોમાં નથી. સજાતીય જીવ દ્રવ્યો અનંત છે, " બીજા આત્માઓ પણ અનંત છે. " છતાં તેમનામાંય જોકે ચેતનપણું છે, તો પણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું જુદું છે. " આનું ચેતનપણું અને બીજા આત્માનું ચેતનપણું ભિન્ન ભિન્ન છે. આના

ચેતનપણાને લઈને એનું ચેતનપણું છે એમ નથી અને એના ચેતનપણાને લઈને અહીંયાનું ચેતનપણું છે એમ નથી. આહાહાહા ! આવું સ્વતંત્ર દ્રવ્યનું સ્વરૂપ છે. એને જાણે નહિ અને ધર્મ થઈ જાય એને ! આહાહા ! પરની દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, એ તો બધો રાગ છે અને કર્તાપણું માને છે એ તો મિથ્યાત્વ છે. રાગનું કર્તાપણું જ્ઞાનને સોંપે, જ્ઞાન સ્વરૂપ તો જાણે છે, એનું સ્વરૂપ ચેતન– જાણવું છે. જાણનારને સોંપે કરવાનું એ તો મિથ્યાત્વ છે. આહાહા !

'સજાતીય' પોતાની જાતના– 'જીવ દ્રવ્યો અનંત છે.' તે તેમનામાં જો કે ચેતનપણું છે બધામાં, તો પણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું જુદું કહ્યું છે. આહાહા ! કારણ કે દરેક દ્રવ્યને પ્રદેશભેદ હોવાથી "દરેકના અંશો, પ્રદેશ ભિન્ન છે." આહાહા ! કોઈનું કોઈમાં ભળતું નથી, અનંત આત્માઓમાં દરેકમાં ચેતનપણું હોવા છતાં, પોતાના પ્રદેશમાં રહે છે. કોઈના પ્રદેશોમાં તે ચેતનપણું જાતું નથી. પોતાના પ્રદેશમાં રહેલું ચેતનપણું પર પ્રદેશમાં જાતું નથી પરના પ્રદેશમાં રહેલું ચેતનપણું અહીંયા આવતું નથી. કહો આવું તો સમજાય એવી વાત છે. એક કલાકમાં કેટલું યાદ રાખવું ? આ તો સાદી ભાષા છે, આ કોઈ બહુ કડક–કડક ભાષા નથી.

"આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે, છે ? ચેતનપણું પોતાના અનંત ગુણો છે ને આત્માના એમાં વ્યાપક છે, પ્રસરેલ છે. વ્યાપ્ય છે ઈ તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે. આત્માનું તત્ત્વ એ કેમકે ચેતન અનંત ધર્મમાં વ્યાપ્યું છે માટે ચેતનને આત્માનું તત્ત્વ કહ્યું છે એમ. ચેતનપણું પોતાનો એક અસાધારણ તત્ત્વ છે અને તે ચેતન અનંત ધર્મોમાં રહેલું છે, વ્યાપેલું છે માટે ચેતનને આત્માનું તત્ત્વ કહેવામાં આવ્યું છે. ( હવે એ અલગ અલગ કૈસે આવ્યું. વ્યાપ્ય કૈસે થયા ! ) વ્યાપેલ છે ને ( વ્યાપ્ય તો હૈ ) એ અસંખ્ય પ્રદેશમાં વ્યાપેલું છે ને એટલું. ( પણ આ અસંખ્ય પ્રદેશ ) એ નહીં. એનો પ્રદેશનો સ્વભાવ એક પ્રદેશમાં અનંત ગુણો એક સાથે રહેલા છે એ અપેક્ષાએ વ્યાપેલ છે.

જ્યાં જ્ઞાન છે ત્યાં દર્શન છે, ત્યાં આનંદ છે, તે તે પ્રદેશમાં અનંતા આમ વ્યાપેલ છે. એ ચેતન અનંત ગુણોમાં વ્યાપક છે, માટે ચેતનને આત્માનું તત્ત્વ કહ્યું છે. આહાહા ! ભિન્ન ભિન્ન ગુણો હોવા છતાં ચેતન તત્ત્વ અનંત ગુણમાં વ્યાપ્યું છે ને આમ ! જ્યાં શ્રદ્ધા છે ત્યાંય ચેતન છે, ચારિત્ર છે ત્યાંય ચેતન છે, અસ્તિત્વ છે ત્યાંય ચેતન છે, ચેતનપણું. ભલે એ ચેતનપણું અસ્તિત્વપણે ભલે થતું નથી પણ એનાં અનંતા ધર્મોમાં ચેતનપણું પ્રસરી રહેલું છે ને ! આમ છે.

આ તો તત્ત્વજ્ઞાનનો વિષય છે. શરૂઆત જ છે બીજા શ્લોકની હજી તો ચાલે છે. આહા !

ફરીને, "આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે," વ્યાપક છે, પરરૂપે થયું છે એમ અહીં નથી, આમ પ્રસરેલ છે. જ્યાં આનંદ છે ત્યાં ચેતન છે. અસ્તિત્વ છે ત્યાંય ચેતન છે એટલું. એ ચેતન છે એ અસ્તિત્વરૂપે થયું છે કે અસ્તિત્વ છે એ ચેતનરૂપે થયું છે એમ નહીં, પણ એ બધા અનંત ગુણોમાં ચેતન આમ પ્રસરેલું છે, એ અપેક્ષાએ તેને આત્માનું તત્ત્વ કહેવામાં આવે છે. આહાહાહા ! સાધારણ માણસને અભ્યાસ ન મળે અને એકેન્દ્રિયા– બેઈન્દ્રિયા– ત્રિઈન્દ્રિયા કરી ઈચ્છામિ પડિકમણુ મોઢે કરી નાખે, સામાયિક કરી નાખે, થઈ રહ્યું જાવ ! બાપુ વસ્તુ, અહીં તો "અનંત ધર્મણસ્તત્વં"એમ શબ્દ છે ને ? મૂળ શ્લોકમાં, છે ને ? અનંત ધર્મણસ્તત્વં એ શબ્દ છે ને પહેલુંપદ–'પશ્યન્તી પ્રત્યગ્આત્મનમ્' એની વ્યાખ્યા કરી છે–

' અનંત ધર્મણસ્તત્વં પશ્યન્તી. ' એ અનંત ધર્મોમાં વ્યાપેલું ચૈતન્ય તત્ત્વ એમ, ' પશ્યન્તી ' એ બધાને દેખે છે.

સર્વજ્ઞ બધાને, ( જાણે ) ને શ્રુત જ્ઞાન બધાને ( જાણે ) ને વાણી બધાને કહે છે, એમ. એ અનંત ધર્મણસ્તત્વંની વ્યાખ્યા કરી. આહાહા ! પહેલું પદ છે એનું કે આત્મામાં અનંત ધર્મો એટલે ગુણ અને પર્યાય છે, તેમાં ચૈતન્ય તત્ત્વ છે એ બધાય ગુણો, પર્યાયમાં પ્રસરેલાં છે, આમ રહેલું છે. બીજા ગુણ પર્યાય રૂપે થયાં છે એમ નહીં. બીજા ગુણોની પર્યાયરૂપે ચેતનનો ગુણ ને પર્યાય થયો છે એમ નહીં. પણ બધા ગુણો ને પર્યાયમાં આમ ચેતનપણું વ્યાપીને પ્રસરી રહેલું છે એ અપેક્ષાએ તેને આત્માનું ચેતન તત્ત્વ કહ્યું છે. આહાહા ! અનંત ધર્મણસ્તત્વં. સમજાણું કાંઈ ?

આમાં તો અંદર લખ્યા છે એના અર્થ છે. સામે પુસ્તક તો પડયું છે. આહાહા ! કેટલી સાદી ભાષાએ જયચંદ પંડિતે લખ્યું છે આ. પહેલાના પંડિત જયચંદ્ર પંડિત, રાજમલ્લજી પંડિત, ટોડરમલજી, બનારસીદાસ બહુ ઘણું કામ કરી ગયા. બહુ કામ કરી ગયા. મધ્યસ્થ, સત્ય હતું એ આપ્યું બહાર. કોઈનો પક્ષ નહિ. અત્યારે એક પંડિત કહે કે નિમિત્તથી થાય. બીજો કહે કે નિમિત્તથી ન થાય, નિમિત્ત હોય પણ એનાથી થાય નહીં, હવે વાંધા ! એક પંડિત કહે વ્યવહારથી નિશ્ચય થાય, બીજો કહે કે ભાઈ વ્યવહાર હોય ખરો, વિષય છે માટે વ્યવહાર હોય પણ એનાથી નિશ્ચય થાય એમ નહીં. કારણ વ્યવહાર રાગ ને દુઃખ છે અને ધર્મ છે એ સુખ છે, દુઃખથી સુખ થાય નહીં. આ વાંધા મોટા લ્યો, શું થાય ? ( એ જોરદાર હોય એની સામા વાંધા હોય ) આવે, આવે, વાંધા હોય ! કરે કરે હવે સમાતું જાય છે થોડું થોડું થોડું બહાર વાંચે છે ને લોકો વાંચે છે. વીસ લાખ પુસ્તક બહાર પડી ગયા, લાખ્ખો હજી ભિન્ન ભિન્ન જાતથી છપાય છે. બહાર પડે છે. અહીં ક્યાં ખાનગી રાખ્યું છે વાત. એક જ પુસ્તક ક્યાં છે-અહીં તો વીસ લાખ પુસ્તક છે. કરોડો રૂપિયાના તો પુસ્તક થઈ ગયા છે. કરોડોના મંદિરો થઈ ગયા છે. કરોડોના અહીં મકાન આદિ થઈ ગયા. આ કાંઈ ગુપત નથી. આહાહા !

અહીં તો અનંત ધર્મણંસ્તત્ત્વં પહેલો શબ્દ છે એનો ખુલાસો કર્યો કે ચેતનને અનંત ધર્મનું તત્ત્વ કેમ કહ્યું ? કે ચેતન છે એ અસાધારણ છે, બીજો ગુણ એમાં નથી તેમ આ ચેતન બીજામાં નથી, એક વાત અને એ ચેતન પોતાના અનંત ધર્મોમાં પ્રસરેલું છે, વ્યાપેલું છે. અનંત ધર્મરૂપે થયું છે એમ નહીં પણ અનંત ધર્મમાં વ્યાપેલું છે, એ અપેક્ષાએ ચેતનને આત્મતત્ત્વ કહેવામાં આવે છે. આહા !

" તેને આ સરસ્વતીની મૂર્તિ દેખે છે, " જોયું ? કોને ? આત્મતત્ત્વને-કયા તત્ત્વને ? કે ચેતન તત્ત્વને-કેવું ચેતન તત્ત્વ ? કે અંદરમાં વ્યાપક છે અનંત ધર્મમાં તેને. એવા ચૈતન્ય તત્ત્વને સર્વજ્ઞની પર્યાય દેખે છે, શ્રુતજ્ઞાનની પર્યાય દેખે છે, વાણી એને દેખાડે છે. આહાહા ! તેને " આ સરસ્વતી દેખે છે અને દેખાડે છે " એ વાણી, કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન દેખે છે અને વાણી એને દેખાડે છે.

" એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે, " જોયું ? આહાહા ! અનંત ધર્મણસ્તત્વં પશ્યન્તી પ્રત્યગ્ આત્મનમ્. આહાહા ! એ કહ્યું ને ? અનેકાંતમયી મૂર્તિ નિત્યમેવ પ્રકાશતામ્ નિત્ય પ્રકાશો. કેવળજ્ઞાન કાયમ પ્રગટ રહો, શ્રુતજ્ઞાન સાધકપણે કાયમ રહો અને વાણી તેને

બતાવનારી પણ જગતમાં કાયમ રહો-આહાહા !

‘ એ રીતે એનાથી સર્વ પ્રાણીનું કલ્યાણ થાય છે. ’ જોયું ? કેવળજ્ઞાનથી કલ્યાણ થાય છે, શ્રુતજ્ઞાનથી થાય છે, અને વાણીનું નિમિત્ત છે. નિમિત્ત છે, નિમિત્તથી કલ્યાણ થાય છે. થાય છે પોતાથી પણ એમાં વાણીનું નિમિત્ત છે તેથી એને પણ કલ્યાણનું કારણ કહેવામાં આવ્યું છે. નિમિત્તનો અર્થ એટલો છે કે છે એ ચીજ. પણ એ પરમાં કરતી હૈ ને પરને કાંઈ કરે છે, તો એ નિમિત્ત જ રહેતું નથી તો એ ઉપાદાન થઈ જાય છે. આહાહા ! ન્યાયથી વસ્તુ સ્થિતિ છે એમ એણે જાણવી જોઈશે ને ?

એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે-ઠીક ! અહીં તો સર્વ પ્રાણીઓનું એનાથી કલ્યાણ થાય છે. કલ્યાણ થનારાનું કલ્યાણ થાય છે તો સર્વ પ્રાણીઓનું એનાથી જ કલ્યાણ થાય છે. કરનારા કરે છે, સર્વજ્ઞ બધાનું કલ્યાણ કેવળજ્ઞાન, શ્રુતજ્ઞાન અને વાણી. આહાહા ! માટે સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે, “ માટે સદા પ્રકાશરૂપ રહો, ” એમ છે ને છેલ્લો શબ્દ જુઓ પ્રકાશતામ છે ને ? “ નિત્યમેવ પ્રકાશતામ્ ” ચોથું પદ છે નિત્યમ એવ સદા જ પ્રકાશમાન, સદા જ નિત્યમ્ ‘ એવ ’ એવ એટલે નિશ્ચય, નિત્ય જ, પ્રકાશમાન, કેવળજ્ઞાન નિત્ય પ્રકાશમાન રહો, શ્રુતજ્ઞાન નિત્ય પ્રકાશમાન રહો, અને જે ચૈતન્ય તત્ત્વને પોતાના અનંત ધર્મમાં વ્યાપેલું છે, માટે તેને ચૈતન્યને આત્મતત્ત્વ કહ્યું. તેને દેખાડનારી વાણી પણ સદા પ્રકાશમાન રહો, એ નિમિત્તથી છે. સમજાણું કાંઈ ?

નો પકડાણું હોય તો રાત્રે પ્રશ્ન છે ( પ્રશ્ન પૂછશું તો અમારી પોલ ખૂલી થશે ) પોલ ખૂલી થશે તો સ્પષ્ટ થાય એમાં શું છે ? પોલમાં પાકું થઈ જાય, પોલમાં પાકું થઈ જાય-પોલ ખૂલી થઈ જાય તો પોલ પાકી થઈ જાય ( આપ જાણી જાવ ) એમ કે ધ્યાન રાખીને સાંભળતા નથી એમ પોલ ખૂલી જાય. અજાણી ચીજ છે એટલે જરી ન ’ય પકડાય એને. આ તો અલૌકિક વાતું છે બાપુ. આહાહાહા !

“ સદા પ્રકાશરૂપ રહો એવું આશીર્વાદરૂપ વચન તેને કહ્યું છે ” આહાહા ! જગમોહનલાલ એમ કહે છે, મોટા પુરુષો નાના પુરુષોને આશીર્વાદ કેમ આપે ? એમ કહે છે-વાણી છે એ નાની છે અને મોટા પુરુષો એને, કેમ આશીર્વાદ આપે ? પણ એનો અર્થ એ, રહો. આ પ્રકાશ રહો એમ, એમાં એવો અર્થ લખ્યો છે જુઓ ! આનો અર્થ કર્યો છે ને ?

હવે એ બે શ્લોક થયા-નમઃસમયસારાય એ શ્લોક થયો અને ‘ અનંતધર્મણસ્તત્વં ’ એ શ્લોક થયો. બે શ્લોક થયા. એટલે એક દેવનો શ્લોક થયો, એક વાણીનો થયો, શાસ્ત્રનો. દેવ અને શાસ્ત્ર બેનો થયો. હવે દેવશાસ્ત્રગુરુ તીન. હવે રહ્યા ગુરુ. એ પોતે ગુરુ છે એટલે પોતાની વાત ન કરતા, પોતે ટીકા કરનાર છે. આહાહા ! તો ટીકા કરતા અમારું ગુરુપણું, જે મુનિપણું છે શુદ્ધ એની વૃદ્ધિ થજો, એમ કહેશે. ભાષા એમ લેશે ટીકા કરતાં, સમજ્યાને ? સમયસાર વ્યાખ્યા એવ, ‘ એવ ’ શબ્દ છે, ‘ એવ ’ પણ એનો અર્થ ઈ સમયસાર વ્યાખ્યાના કાળમાં નહીં તો આમ તો છે કે ટીકા સમયસાર વ્યાખ્યા એવ- સમયસારની ટીકા કરવાના કાળમાં ટીકા વખતે અમારી શુદ્ધિ થજો, અને અશુદ્ધિ જજો એનો અર્થ ઈ કે હું સમયસારની ટીકા કરીશ ત્યારે મારું વલણ દ્રવ્યના ધ્યેય ધ્રુવ ઉપર રહેશે કાયમ, એથી અશુદ્ધિ ટળશે અને શુદ્ધિ વધશે.

સમજાણું ? આહાહાહાહા ! કારણ કે ટીકા વખતે લક્ષ મારું જોર તો ધ્રુવ ઉપર રહે છે. ત્રિકાળી મારી દૃષ્ટિનો વિષય ધ્રુવ છે, એ કદી ખસતો નથી. ગમે તે વખતનું જ્ઞાન અને ગમે તે વાણી હો, પણ જે ધ્રુવ નિત્યાનંદ પ્રભુ તેના ઉપર અમારી દૃષ્ટિનું પરિણમન થયું છે. આહાહા !

ધ્યાનમાં જેને અમે ધ્યેય બનાવ્યું છે, એ ધ્યેય કદી ખસશે નહીં ! આહાહા ! તેથી ટીકાથી ભાષા એમ આવશે. સમયસાર વ્યાખ્યા એવ, સમયસારની ટીકાથી જ, ટીકાથી જ એમ આવશે. પણ એનો અર્થ એવો છે કે સમયસારની ટીકાના કાળમાં. આહાહા ! પંડિતજી ! કે અમારું લક્ષ ત્યાં ધ્રુવ ઉપર ધારા લાગી છે. આહાહા ! એથી અમને ટીકા કરવાના કાળમાં અશુદ્ધિ છે તેનો નાશ થશો અને શુદ્ધિ પ્રગટ થશો. વિશેષ વ્યાખ્યા કરશે.

પ્રમાણ વચન ગુરુદેવ....